# એસટીની ૧૫૧ નવી બસોનું મુસાફરોની સેવામાં લોકાર્પણ

## એસ.ટી. નિગમ દ્વારા નવી બસનું નિર્માણ ઇન હાઉસ કરવામાં આવ્યું છે : ૪૦ સ્લીપર કોચ અને ૧૧૧ લક્ઝરી કોચ મળી સુવિધાયુક્ત ૧૫૧ બસ સેવામાં મુકાઇ





ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં ગુજરાત એસ.ટી. દ્વારા મુસાફર લક્ષી વધુ બે સુવિધાઓનો શુભારંભ થયો છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે કુલ ૫૩ કરોડ રૂપિયાના ખર્ચે નવી ૧૫૧ બસ મુસાફર જનતાની સેવામાં કાર્યરત કરી છે. મુખ્યમંત્રીએ ૪૦ સ્લીપર કોચ અને ૧૧૧ લક્ઝરી કોચ એમ કુલ ૧૫૧ બસીસનું ગાંધીનગરમાં બે ડ્રાઈવર ભાઈઓને બસની ચાવી પ્રતીક રૂપે આપીને લોકાર્પણ કર્યું હતું. આ નવી બસ સેવાઓ રાજ્યમાં મુસાફરોની સફર વધુ આરામદાયક તેમજ સગવડ્યુક્ત બનાવશે. વાહન વ્યવહાર રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીએ એસ.ટી. નિગમની અન્ય એક વધુ મુસાફર સુવિધા સેવા ઓટોમેટીક પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમનો પણ પ્રારંભ કરાવ્યો હતો. આ સિસ્ટમ કાર્યરત થવાથી મુસાફરોને પૂછપરછ બારીનો ઉપયોગ કર્યા વિના ઓડિયો સિસ્ટમ મારફતે બસનો રૂટ, બસ નંબર, સ્ટોપેજીસ અને બસ ક્યા પ્લેટફોર્મ પર આવશે તેની સંપૂર્ણ વિગતો મળતી થઈ જશે. ગુજરાત એસ.ટી નિગમે નાગરિક મુસાફરોની સુવિધામાં સતત વૃદ્ધિના અભિગમ સાથે રૂપિયા ૩૧૦ કરોડની નાણાકીય જોગવાઈ સાથે એક હજાર નવી બસ સંચાલનમાં મૂકવા કાર્ય આયોજન કર્યું છે. આ ૧૦૦૦ બસમાંથી ૫૦૦ સુપર એક્સપ્રેસ, ૩૦૦ લક્ઝરી અને ૨૦૦ સ્લીપર કોચ ક્રમશઃ મુસાફરોની સેવામાં મૂકવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ નવી બસ પૈકી વધુ ૧૫૧ બસ આજથી પેસેન્જર સર્વિસમાં મૂકવામાં આવી છે. આ બસનું નિર્માણ એસ. ટી નિગમ દ્વારા ઈન હાઉસ કરવામાં આવ્યું છે.

## તા.૧૭મીએ મુખ્યમંત્રીના હસ્તે

# ખોરજથી રાજયવ્યાપી સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૩નો આરંભ કરાશે

## છેલ્લા પાંચ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં જળ અભિયાન થકી જળ સંગ્રહશક્તિમાં ૮૩૮ લાખ ઘનફૂટ જેટલો વધારો

ગાંધીનગરઃ સોમવારઃ

સમગ્ર ગુજરાત સહિત ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન- ૨૦૨૩ના આરંભ તા.૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૩થી થનાર છે. આ અભિયાનનો રાજય વ્યાપી આરંભ રાજયના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગરના ખોરજ ગામ ખાતેથી કરવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં આ અભિયાન અંતર્ગત ૭૫૩ કામો કરવામાં આવ્યા છે. જિલ્લાની જળ સંગ્રહશક્તિમાં ૮૩૮ લાખ ઘનફૂટ જેટલો વધારો કરવામાં આવ્યો છે. આજ રોજ જળ અભિયાન- ૨૦૨૩ના સુચારું આયોજન અર્થે જિલ્લા કલેકટર પ્રવિણા ડી.કે.ના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક મળી હતી. ગુજરાત રાજયમાં અનિયમિત અને અસમાન વરસાદને લીધે તથા ઘણા વિસ્તારોમાં અપુરતો વરસાદ પડતા હોવાથી ભુગર્ભજળનો અમર્યાદામાં ઉપાડ કરવાથી ભુગર્ભજળ સપાટી ઉત્તરોત્તર નીચે જાય છે. ઉપાડ કરવામાં આવતાં પાણીની ગુણવત્તા હલકા પ્રકારની, ક્ષારયુક્ત અને ફલોરાઈડયુક્ત હોવાથી પીવા માટે અને ખેતી માટે નુકશાનકારક હોય છે.આ ગંભીર સમસ્યાના નિવારણ માટે, ભુગર્ભજળની સપાટી ઉંચી લાવવા, વરસાદી સપાટી જળનો મહત્મ સંગ્રહ કરવાના ઉમદા આશયથી રાજય સરકાર રાજય સરકાર દ્વારા રાજયના સ્થાપના દિન તા. ૦૧ લી, મે, ૨૦૧૮ થી સુજલામૂ સુફલામ જળ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો હતો.

સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ જળસંગ્રહનાં કામો જેવા કે તળાવ ઉંડા કરવા, તળાવોના આવરા સાફ કરવા, તળાવના પાળા અને વેસ્ટ વિયરનું મજબૂતીકરણ, હયાત ચેકડેમોનું ડીસીલ્ટીંગ તથા તથા રીપેરીંગ, હયાત જળાશયોનું ડીસીલ્ટીંગ, નદીઓને પુનઃ જીવિત કરવા જેવા પરંપરાગત જળ સ્રોત્રના નવીનીકરણના કામો તથા નવા તળાવો- ચેકડેમો, હયાત નહેરોની સાફ- સફાઈ, મરામત અને જાળવણી, નદી, વોંકળા, કાંસ, ગટરની સાફ- સફાઈ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, પીવાના પાણીના સ્રોત્ર, ટાંકી, સંપ, ઈન્ટેક સ્ટ્રક્ચર, ડબલ્યુ.ટી.પી./એસ.ટી.પી.ની તથા આસપાસન સફાઈ, ખેત તલાવડી, ગીબીયન, પીવાના પાણીનો બગાડ રોકવા માટે જન જાગૃત્તિ વગેરે કામો હાથ ઘરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં આ અભિયાન અંતર્ગત ૭૫૩ કામો કરવામાં આવ્યા છે. જેમાં તળાવ તથા ચેકડેમ ઉંડા કરવાના કુલ- ૪૨૯ કામો, ખેત તલાવડી અને વન તલાવડીના -૬૩ કામો, તેમજ અન્ય જળ સંચયના કામો જેવા કે વરસાદી પાણીની લાઈનની સાફસફાઈ વગેરેના ૨૬૧ કામો કરવામાં આવ્યા હતા.

# કોપર ટ્યુબ ઉત્પાદનનો પ્લાન્ટ ગુજરાતમાં સ્થપાશે

## મેટટ્યુબ કોપર ઇન્ડીયા પ્રા.લિ અને ગુજરાત સરકાર વચ્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં એમઓયુ થયા : ઉદ્યોગ મંત્રી-ઉદ્યોગ રાજયમંત્રીની ઉપસ્થિતી



ગાંધીનગર, તા.૧૩

એરકન્ડીશનીંગ અને રેફ્રિજરેશન એપ્લીકેશનમાં વપરાશમાં લેવાતી અત્યાધુનિક કોપર ટ્યુબનું ઉત્પાદન આગામી દિવસોમાં ગુજરાતમાં થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં આ સંદર્ભમાં ગુજરાત સરકારના ઉદ્યોગ, ખાણ વિભાગ અને કોપર ટ્યુબના ઉત્પાદન તથા વિકાસમાં અગ્રણી કંપની મેટટ્યુબ કોપર ઈન્ડીયા પ્રા.લિ. વચ્ચે ગાંધીનગરમાં એમઓયુ સંપન્ન થયા હતા. ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત તેમજ ઉદ્યોગ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને સાંસદ નરહરિ અમીન પણ આ એમઓયુ એક્સચેન્જ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. સાણંદ ઔદ્યોગિક વિસ્તારમાં મેટટ્યુબ ઈન્ડીયા પ્રા.લિ પોતાનો આ અત્યાધુનિક કોપર ટ્યુબ મેન્યૂફેકચરીંગ પ્લાન્ટ શરૂ કરશે જે સંભવતઃ જાન્યુઆરી ૨૦૨૪માં ઉત્પાદન શરૂ કરે તેવી નેમ રાખવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના ધ્યેયને સાકાર કરતો આ કોપર ટ્યુબ ઉત્પાદન પ્લાન્ટ ભારત અને ગુજરાતમાં પ્રથમવાર શરૂ થશે તેમ આ પ્રસંગે જણાવવામાં આવ્યુ હતું. કેન્દ્ર સરકારે કોપર ટ્યુબ ઉત્પાદનને દેશમાં જ પ્રમોટ કરવા આપેલા પ્રોત્સાહનોને પગલે આ સૂચિત પ્લાન્ટ ગુજરાતમાં સ્થપાશે. ફિફથ જનરેશનના કોપર ટ્યુબના નિર્માણથી ભવિષ્યમાં ઉપકરણોના કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવામાં આ સૂચિત પ્લાન્ટ મદદરૂપ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં આ સૂચિત પ્લાન્ટ શરૂ કરવા માટેની યોગ્ય જરૂરી મદદ રાજ્ય સરકાર કરશે તેમ આ પ્રસંગે જણાવ્યું હતું. મેટટ્યુબ કોપર ઈન્ડીયાના ચેરમેન અપૂર્વ બાગરીએ કહ્યું કે, તેઓ મલેશિયામાં એક મોટો પ્લાન્ટ ચલાવે છે. ઉચ્ચ કાર્યક્ષમ ઈકો ફ્રેન્ડલી કોપર ટ્યુબના ઉત્પાદનનો ઉપયોગ મુખ્યત્વે વર્લ્ડકલાસ એપ્લાયન્સ મેન્યૂફેકચરીંગ કરતા ઉત્પાદકો કરે છે. હવે કોપર ટ્યુબનો સૂચિત પ્રોજેક્ટ શરૂ કરવા તેઓએ ગુજરાતના સાણંદ પર પસંદગી ઉતારી છે. આ સૂચિત પ્રોજેકટના પ્રથમ તબક્કાની ઈકો સિસ્ટમ દ્વારા અંદાજે ૧૫૦૦ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી મળતી થશે એમ પણ તેમણે જણાવ્યું હતું. ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ કમલ દયાની તથા મેટડીસ્ટ ગૃપના અધ્યક્ષ અપૂર્વ બાગરીએ આ એમઓયુની પરસ્પર આપ-લે કરી હતી. મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, ઉદ્યોગ કમિશનર રાહૂલ ગુપ્તા તેમજ વરિષ્ઠ અધિકારીઓ અને મેટટ્યુબ ઈન્ડીયાના સહયોગીઓ પણ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

# શંકરસિંહ ગોહીલની નોટરી તરીકે નિમણુંક



ગાંધીનગર, તા.૧૩

ગુજરાત બાર કાઉન્સિલ એનરોલમેન્ટ કમિટીના સભ્ય શંકરસિંહ એસ ગોહીલની ભારત સરકાર દ્વારા નોટરી તરીકે નિમણુંક કરવામાં આવી છે. શંકરસિંહ હાલ ગુજરાત પ્રદેશ લીગલ સેલના પ્રમુખ તરીકે પણ સેવા આપે છે. તેઓ રાજપુત સમાજના પ્રમુખ તરીકે પણ સેવા આપી ચુકયા છે. જયારે ગુજરાત બાર કાઉન્સિલના પુર્વ ચેરમેન શંકરસિંહ એસ ગોહીલની નોટરી તરીકે નિમણુંક થતા વકીલોએ તમને અભિનંદન પાઠવી હર્ષની લાગણી વ્યકત કરી છે.

## એક જ દિવસમાં સીમલેસ સેવાનો કિર્તીમાન બનાવ્યો

# અમદાવાદ એરપોર્ટે વધુ એક માઈલસ્ટોન હાંસલ કર્યો

અમદાવાદ,તા.૧૩

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટે મુસાફરોની અવરજવર બાબતે વધુ એક કિર્તીમાન સ્થાપિત કર્યો છે. ૧૨મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ SVPI એરપોર્ટ પરથી સૌથી વધુ મુસાફરોની મુસાફરીનો રેકોર્ડ સર્જાયો છે. રવિવારે એરપોર્ટે પર ૨૬૭ ફલાઈટ્સ સાથે ૩૭૬૯૬ મુસાફરોને સેવા પૂરી પાડી છે, જે અત્યાર સુધીની સૌથી મોટી સંખ્યા છે. SVPI એરપોર્ટ મેનેજમેન્ટ સર્વોચ્ચ સુરક્ષા ધોરણો સાથે મુસાફરોને સીમલેસ સેવા પૂરી પાડવા પ્રતિબદ્ધ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં SVPI એરપોર્ટ પર મુસાફરોના ઉત્કૃષ્ટ અનુભવ માટે અનેક માળખાકીય સુવિધાઓ અને સેવાઓમાં ધરખમ વધારો કરવામાં આવ્યો છે. ગુડનેસ ડેસ્ક, ડાયનેમિક ક્યુ મેનેજમેન્ટ અને ફ્લોર વૉકિંગ કસ્ટમર સર્વિસ એક્ઝિક્યુટિવ્સ જેવી સુવિધાઓના કારણે મુસાફરોને ટર્મિનલ બિલ્ડિંગમાં સીમલેસ મુસાફરી કરી શકે છે. તાજેતરમાં ટર્મિનલ ગેટથી ઝડપી પ્રવેશ માટે ડિજિટલ બારકોડ સ્કેનર્સ મૂકવામાં આવ્યા છે.

## ધુમાડાના ગોટે ગોટા ઉડ્યાં, લાખોનું નુકસાન

# સાંતલપુર તાલુકાનાં ચારણકાનાં સોલાર પાર્કમાં ભીષણ આગ

## સોલાર પાર્કમાં લાગેલ આગમાં મોટી જાનહાનિ ટળી હતી : આ આગની ઘટનાથી કંપનીને લાખોનું નુકશાન થવા પામ્યું હતું



સાંતલપુર,તા.૧૩

સરહદી વિસ્તાર એવા સાંતલપુર તાલુકાના ચારણકા સોલાર પાર્ક ખાતે બનાવવામાં આવેલ એશિયના સૌથા મોટા સોલાર પાર્કમાં પાવર ઉત્પાદન કરતી કંપનીનાં ઈલેક્ટ્રીક રૂમમાં અચાનક બપોરના સુમારે આગ લાગી હતી. આગની ઘટનાને લઈને કંપનીના કર્મચારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. સાંતલપુરથી ફાયર ફાઈટર મંગાવી આગને ઓલવવાની તજવીજ હાથ ધરી હતી. આગની ઘટના બનતા ગ્રામજનોમાં ભયનો માહોલ વ્યાપી જવા પામ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે એશિયાના સૌથી મોટા સોલાર પાર્ક ચારણકા ખાતે અગ્નિશામક સાધનોની વ્યવસ્થા ન હોવાને કારણે આગ બેકાબુ બની હતી. સાંતલપુર તાલુકાના ચારણકાનાં સોલાર પાર્કમાં અચાનક બપોરના સુમારે આગ લાગતા ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાવા પામ્યો હતો. આગ લાગ્યાના સમાચાર વાયુ વેગે પંથકમાં પ્રસરતા આગ પર કાબુ મેળવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. આગ લાગ્યાની જાણ સાંતલપુર ફાયર ફાઈટરને કરતા અગ્નિશામક દળો દ્વારા આગ ઓલવવાની કાર્યવાહિ શરૂ કરી હતી. આગ એટલી વિકરાળ હતી કે દૂર દૂર સુધી આગના ગોટે ગોટા આકાશમાં જોવા મળ્યા હતા. ત્યારે સોલાર પાર્કમાં આગ લાગવાનું કારણ હજુ અકબંધ છે. ત્યારે સોલાર પાર્કમાં લાગેલ આગમાં મોટી જાનહાનિ ટળી હતી. આ આગની ઘટનાથી કંપનીને લાખોનું નુકશાન થવા પામ્યું હતું.

# પ્રવેગ લિમિટેડના નફામાં ૨૦૮%ની વૃધ્ધિ

ગાંધીનગર, તા.૧૩

ભારતના ટુરિઝમ, હોસ્પિટીલીટી તથા ઈવેન્ટ એન્ડ એક્ઝિબીશન મેનેજમેન્ટ ઈન્ડસ્ટ્રીઝની એક અગ્રણી કંપની પ્રવેગ લિમિટેડ દ્વારા ત્રીજા કવાર્ટર અને 9MFY23 માટેના ઓડીટ નહીં થયેલા નાણાંકીય પરિણામો જાહેર કરવામાં આવ્યા છે.

**Q3 FY23:**

| Particulars (₹crore) | Q3 FY23 | Q3 FY22 | YoY Change |
|---|---|---|---|
| Total Revenues | 28.47 | 15.83 | ⬆ 79.85% |
| EBITDA | 17.19 | 8.29 | ⬆ 107.36% |
| EBITDA (%) | 60.38% | 52.37% | ⬆ 806 bps |
| PAT | 11.57 | 5.48 | ⬆ 111.13% |
| PAT (%) | 40.64% | 34.62% | ⬆ 605 bps |
| EPS (₹) | 6.01 | 2.96 | ⬆ 103.04% |

**9M FY23:**

| Particulars (₹₹ crore) | 9M FY23 | 9M FY22 | YoY Change |
|---|---|---|---|
| Total Revenues | 65.81 | 28.40 | ⬆ 131.73% |
| EBITDA | 35.37 | 12.27 | ⬆ 188.26% |
| EBITDA (%) | 53.75% | 43.20% | ⬆ 1054 bps |
| PAT | 23.25 | 7.56 | ⬆ 207.54% |
| PAT (%) | 35.33% | 26.62% | ⬆ 871 bps |
| EPS (₹) | 12.09 | 4.09 | ⬆ 195.60% |

પરિણામો અંગે જણાવતાં પ્રવેગ લિમિટેડના ચેરમેન શ્રી વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું હતું કે FY23ના પ્રથમ નવ મહિના દરમ્યાન કંપનીને યાત્રી પ્રવાસમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો, જેની સકારાત્મક અસર કંપનીની કામગીરી અને પરિણામો પર જોવા મળી છે. ટ્રાવેલ ઈન્ડસ્ટ્રી કોવિડ-૧૯ મહામારીથી અસર પામી હોવા છતાં કંપની માટે એક ખૂબ સારા સમાચાર છે. ભવિષ્યમાં પણ આ ટ્રેન્ડ જળવાઈ રહેવાની કંપનીને અપેક્ષા છે. અને હજુ વધારે વૃધ્ધિ જોવા મળે તેવી સંભાવના કંપનીને દેખાઈ રહી છે. પોતાના પોર્ટફોલિયોમાં નવા રીસોર્ટ્સ ઉમેરીને કંપની પોતાની કામગીરી વધુ સુધારશે તેવો અમને વિશ્વાસ છે. આ અમારી વ્યુહરચનાનો ભાગ છે, જેના કારણે કંપની નવા માર્કેટસમાં પ્રવેશી શકશે તેમજ ગ્રાહકોને વધુ વૈવિધ્યપૂર્ણ પ્રવાસન વિકલ્પો પૂર્ણ પાડી શકશે. વર્ષ ૨૦૦૫માં સ્થાપિત પ્રવેગ લિમિટેડ એક્ઝિબીશન મેનેજમેન્ટ, ઈવેન્ટ મેનેજમેન્ટ, ટુરિઝમ, હોસ્પિટીલીટી અને પબ્લિકેશન જેવા વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત અગ્રગણ્ય કંપની છે. સ્વતંત્ર અને સુસજ્જ ઈન્ફ્રાસ્ટ્રકચર, નિપૂર્ણ અને અનુભવી મેનપાવર અને ઈનહાઉસ ક્રિએટીવ સ્ટુડીયો પ્રવેગની વૃધ્ધિને વધુ ગતિ આપે છે.

કંપનીના અનેકવિધ કલાયન્ટસમાં ગુજરાત રાજય સરકાર, મોટા ઉદ્યોગગૃહો અને નામાંકિત આંત્રપ્રેન્યરર્સનો સમાવેશ થાય છે. પ્રવેગના વિશાળ પોર્ટફોલિયોમાં ભારત તથા યુએસએ, ચીન, દક્ષિણ કોરિયા, આફ્રિકા, યુરોપ જેવા દેશોનો સમાવેશ થાય છે. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૨૨ માટે રૂા.૪૫.૦૩ કરોડની રેવન્યુ, રૂા.૧૯.૬૨ કરોડની EBITDA અને રૂા.૧૨.૨૩ કરોડનો ચોખ્ખો નફો હાંસલ કર્યો હતો.

## ફાર્મસી કોલેજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે એક ખાડો પણ ખોદવામાં આવ્યો નથી કે એક ઈંટ પણ મુકવામાં આવી નથી. હાલમાં ફાર્મસીના અભ્યાસક્રમ ચલાવવા માટે અન્ય નાની ઈમારતમાં એકમાળ ફાળવવામાં આવેલો છે. જેના કારણે વિદ્યાર્થીઓ અપર્યપ્ત સુવિધાઓ અને અમર્યાદ દુવિધાઓ વચ્ચે ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યાં છે. ફાર્મસી કોલેજની અલાયદી ઈમારત માટે તમામ પ્રક્રિયા કરવામાં આવ્યા બાદ બજેટના અભાવે આ કામગીરી હાથ ધરી શકાય ન હતી અલબત્ત અગાઉ પાટનગર યોજના વિભાગનું બજેટ રજૂ કરવામાં આવ્યું તેમાં ફાર્મસી કોલેજ માટેની ઈમારત માટે ખર્ચ કરવા માટેના નાણાંની જોગવાઈ જ કરવામાં આવી ન હતી. હકિકતે રૂપિયા ૧૦ કરોડના ખર્ચની આ યોજનાને શરૂ કરવા માટે વર્ષ ૨૦૨૨-૨૩માં અંદાજે રૂપિયા ૩ કરોડની જોગવાઈ કરવાની થતી હતી. પરંતુ તેમ થયું ન હતું. જોકે હવે રિવાઈઝ બજેટ માં આ કામની જોગવાઈ થતા બિલ્ડીંગના બાંધકામ સંદર્ભે ખોદકામ હાથ ધરાશે ટૂંકમાં લાંબા સમયના અંતે ગાંધીનગરમાં ફાર્મસી કોલેજના નવા બિલ્ડીંગનું કામ હાથ ધરાશે.

## વૃક્ષો કાપવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આસોપાલવ, બદામ, અરડુસો, કણજી સહીતના વૃક્ષોનો સમાવેશ થાય છે. હરિયાળીનો સોથ વળવાની સાથે હવે ટુંકમાં જ યોજનાનુ કામ ઝડપથી આગળ વધશે જયારે વૃક્ષોની કટોતી બદલ વનતંત્રને અંદાજે રૂ ૫.૯૯ લાખનુ વળતર ચુકવાયુ છે. નવા એમ એલ એ કવાટર્સની યોજનાને અનુલક્ષીને બેઝમેન્ટ પાર્કીંગ અને બગીચાનુ પણ નિર્માણ કરાશે જેમાં ગ્રીન કન્સેપ્ટને વેગ આપવા માટે હરિયાળી લોન સાથે નવા રોપાઓની વાવણી કરાશે. નવા બ્લોક નજીક પણ પાર્કીંગ માટે જગ્યા આપવામાં આવશે.

## પૂજન કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાજના પ્રતિષ્ઠીત વ્યકિતઓ ગામના સરપંચ અને નગરના અગ્રણીઓને આમંત્રિત કરવામાં આવશે. જયારે આ તબક્કે વિદ્યાર્થીઓ કક્ષાએથી માતા પિતાનુ મહત્વ તે વિષય અંગે વકતવ્ય આપવામાં આવશે. ભારતના મહાપુરુષો, વિર બાળકો દેશ ભકતોના ચરિત્ર સંબંધિત વાર્તાઓ પણ રજુ કરવા ઉપરાંત માતા પિતાના ઉત્તમ ઉછેર સહીતના દ્રષ્ટાંતો પણ આ અંગે રજુ કરવામાં આવશે. જયારે આ કાર્યક્રમ સંદર્ભે ફોટા સાથેનો અહેવાલ તૈયાર કરવા માટે પણ શિક્ષણતંત્ર દ્વારા સુચના આપવામાં આવી છે.

## બટાટાના ભાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કમોસમી વરસાદથી પાકને નુકશાન નહિ થયાની વાતનો છેદ ઉડી રહ્યો છે. બટાકાનો ભાવ ન મળતાં ખેડૂતોમાં ચિંતા પ્રસરી ગઈ છે.

જિલ્લામાં ૧૫ હજાર હેક્ટરથી પણ વધુ વિસ્તારમાં વાવેતર નોંધાયુ છે. આ વખતે એક વિઘાએ ૩૦૦ થી ૩૨૫ મણ બટાકાનું સરેરાશ ઉત્પાદન નોંધાશે તેવો અંદાજ છે. જે અગાઉ ૩૫૦ મણ જેટલુ નોંધાયુ છે.

બટાટાના ભાવ બજારમાં ન મળતાં નવા બટાકાની આવક પણ બજારમાં ધીમી પડી છે. બટાટાની આવક શિવરાત્રિ પર વધશે તેમ મનાઈ રહ્યુ છે. બટાટાના ભાવને લઈ સરકારે દરમ્યાનગીરી કરવી જોઈએ તેવી વાતો પણ ખેડૂતોમાં ચર્ચાઈ રહી છે.

## કાવતરામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેસમાં ઉચ્ચ અધિકારીનું નામ બળાત્કારમાં લાવીને તેમની પાસેથી રૂપીયા ખંખેરવાનો કારસો ઘડ્યો હતો. ઉચ્ચ અધિકારીએ બંગલામાં તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવા અંગે મહિલાના નામની એફિડેવીટ તૈયાર કરાવી હતી. જેમાં પોલીસ અધિકારીએ બે વાર બળાત્કાર કર્યો હોવાનો ઉલ્લેખ કર્યો હતો. પરંતુ અધિકારીનો ફોટો મહિલાને બતાવતા તેણે આ ફોટાવાળા અધિકારી એ તેની સાથે ખોટુ કામ કર્યું નથી.તેમ કહેતા જાન્યુઆરીની અંતિમ દિવસોમાં એફિડેવીટમાં સુધારો કરીને બીજા અધિકારીનું નામ નક્કી કરી સહીઓ કરાવી હતી. જાન્યુઆરીના છેલ્લા દિવસોમાં મહિલાને પેથાપુર નોંધાયેલ બળાત્કારની ફરીયાદ મુદે મેજીસ્ટ્રેટ સમક્ષ ૧૬૪ નું નિવેદન આપવાનું હતું. તે સમયે જી.કે.પ્રજાપતિએ અને હરેશ જાદવે મહિલાને ગમે તેમ કરીઅને મેજીસ્ટ્રેટ સમક્ષ નિવેદન ન આપવા સમજાવીને મેજીસ્ટ્રેટ સમક્ષ બેભાન થઈને મુદત પડાવવા માટે સમજાવ્યું હતું. જે અંગે હરેશ મહિલને ઉંઘની ઘોળી ખવડાવીને મેજીસ્ટ્રેટ સમક્ષ મોકલી હતી. મેજીસ્ટ્રેટ સમક્ષ નિવેદનમાં કોઈ અધિકારીનું નામ ન લખાવવા તેને ખુબ જ દબાણ કર્યું હતું. જો પોલીસ અધિકારીનુ નામ લખાવશો તો અમારુ કામ બગડી જશે. અને તમને કોઈ મદદ કરી શકીશુ નહી. જેને પગલે આ મહિલાએ મેજીસ્ટ્રેટ સમક્ષ નિવેદનમાં કોઈ અધિકારીનું નામ નહી લખાવવા જણાવ્યું હતું. જેથી મહિલાએ કોઈ અધિકારીનુ નામ લખાવ્યું ન હતું. જયારે આરોપીઓએ મહિલાની જાણ વિના એફિડેવીટમાં નવા ફકર ઉમેરીને તેના વંચાવ્યા વિના એક ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ ફરીથી સહીઓ કરાવી લીધી હતી. ચાંદખેડા બંગલામાં રહેનાર કોઈ વ્યકિત ઉચ્ચ અધિકારી ન હોવાનું જાણવા છતા તમામ વ્યકિતઓએ કાવતરુ રચી પોલીસ અધિકારીને બળાત્કારના કેસમાં નામ ઉમેરી દબાણ ઉભુ કરી રૂ.૮ કરોડ પડાવવા માટે સમગ્ર કાવતરુ રચ્યું હોવાનું સામે આવ્યું છે. જયારે ઉચ્ચ અધિકારીઓને બળાત્કારના ગુનામાં ફસાવી દેવા ભય ઉભો કરવા માટે હરેશ જાદવ, મહેન્દ્રસિંહ પરમાર ઉર્ફે જૈમીનએ એફિડેવીટ માંજે પણ અધિકારીનું નામ લખ્યું હતું તેનો સંપર્ક કરવા ઓફિસમાં જઈને અધિકારીઓને અનેકવાર મળી સંપર્ક કર્યો હતો. પોલીસના પૂર્વ ઉચ્ચ અધિકારી પાસે રૂપીયા પડાવવા માટે સમગ્ર કાવતરુ ઘડ્યુ હતું. જે અંગે પોલીસે જી. કે. પ્રજાપતિ, હરેશ જાવદ, મહેન્દ્રસિંહ, આશુતોષ, અને કાર્તિક તમામ પાંચ આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સૌથી મોંઘી

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે દરેક ફ્રેન્ચાઈઝીના પર્સમાં હરાજી માટે ૧૨-૧૨ કરોડ રૂપિયા હશે. એટલે કે કુલ ૬૦ કરોડ રૂપિયા દાવ પર લાગશે. દરેક ફ્રેન્ચાઈઝી માટે હરાજીમાં ઓછામાં ઓછા ૯-૯ કરોડ રૂપિયા ખર્ચવા ફરજિયાત છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે હરાજી દરમિયાન તમામ ફ્રેન્ચાઈઝીઓના પર્સ સંપૂર્ણપણે ખાલી થઈ શકે છે.

પ્રથમ વખત મહિલા આઈપીએલ માટે ૫ ટીમોમાંથી ૪૪૮ ખેલાડીઓની હરાજી મુંબઈમાં જીયો વર્લ્ડ સેન્ટર ખાતે યોજાઈ. ૫ ટીમોમાં મુંબઈ, લખનૌ, બેંગ્લોર, અમદાવાદ અને દિલ્હીની ટીમોનો સમાવેશ થાય છે. ૪ માર્ચથી શરૂ થનારી ટૂર્નામેન્ટ માટે ૫૦ લાખની બેઝ પ્રાઈસવાળા સ્લોટમાં ૨૪ ખેલાડીઓ અને ૪૦ લાખના સ્લોટમાં ૩૦ ખેલાડીઓ છે.

## ખુલ્લો મુક્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પીએમ મોદીએ એરો ઈન્ડિયા શોનું ઉદ્દ્ઘાટન કર્યુ હતુ. બેંગાલુરુમાં આયોજિત આ શોમાં હેલિકોપ્ટર્સ, લડાકૂ વિમાન તેજસે ઉડાન ભરી હતી. આ શોમાં ૮૦૦થી પણ વધુ રક્ષા કંપનીઓ ભાગ લઈ રહી છે.

વાયુસેનાના ચીફ વીઆર ચૌધરી એરો ઈન્ડિયામાં ફ્લાય પાસ્ટની આગેવાની ગુરુકુળ ફોર્મેશન દ્વારા કરી હતી. તેઓ ભારતમાં નિર્મિત તેજસ વિમાન દ્વારા આ ફોર્મેશનને બનાવ્યું હતુ. તેજસના નેતૃત્વમાં ૭ વિમાનો બાર કલાકના ફોર્મમાં હવામાં ઉડાન ભરતા જોવા મળશે.